Dt:- 17/02/2018

# PRESS NOTE

ગઈ તા.12/02/2018 ના રોજ કોસ્ટલ મોટી દમણ ખાતે પો.સ્ટે એક ફરિયાદી નામે અનિલભાઈ અજાવકર પોહોકર, રહે- નિલેષભાઈની બિલ્ડિંગ, ફ્લેટ નં. 112, સાંઇશ્યામ પેટ્રોલ પંપની પાછળ, કચીગામ દમણ વાળાએ પોતાની ફરીયાદ આપેલ કે તા. 09/02/2018 ના કલાક 13:00 વાગ્યાથી 14:30 વાગ્યાના સમય દરમ્યાન ફરીયાદીના ફ્લેટનો મેઇન દરવાજાનો લોક તોડી રૂમમાં ગેર કાયદેસર રીતે પ્રવેશ કરી ઘરમાં રાખેલ સોના-ચાંદીના દાગીના ચોરી કરી નાસી ગયેલ, જે દાગીનાની કુલ કિંમત રૂ. 84,800/- તથા બે A.T.M. કાર્ડ જેમાંથી 37,000/- રોકડા રૂપીયા ઉપાડી અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી નાસી ગયેલ છે, જે રીતની ફરીયાદના આનુસંધાને મોટીદમણ કોસ્ટલ પો.સ્ટે.માં ગુન્હો રજીસ્ટર્ડ 13/2018 કલમ 454, 380 ઈ.પી.કો મુજબ ગુન્હો રજીસ્ટર્ડ કરી સદર ગુન્હાનું આગળનું તપાસ કામ ચાલુ રાખવામા આવતા

જે બાબતે ગંભીરતા લેતા મહેરબાન DIGP દમણ-દીવ અને દાદરા નગર હવેલી શ્રી બ્રજેશકુમાર સિંગ અને મહેરબાન SP શ્રી સેજુ કુરુવિલ્લા તેમજ SDPO શ્રી રવિન્દ્રકુમાર શર્મા વાળાઓના માર્ગદર્શન હેઠળ મોટીદમણ કોસ્ટલ પો.સ્ટે.. ઇન્ચાર્જ સોહિલ જીવાણીના નેતૃત્વમાં હેડ કોન્સટેબલ જયેન્દ્ર સિંહ ઝાલા , કૃષ્ણાવિજય ગોહીલ, પોલિસ કોન્સ્ટેબલ સુમીત ભકતી, સ્નેહલ સોલંકી, જિગ્નેશ પટેલ, તેમજ લેડીસ પો.કો. કેતિક્ષા રાઠોડ વાળાઓની ટીમ બનાવી તપાસ દરમ્યાન ખાનગી સૂત્રો દ્વારા માહિતી મળેલ તેમજ CCTV ફૂટેજ અને સઘન મહેનત દ્વારા ડાભેલ તેમજ નાની દમણ વિસ્તારમાં આરોપીની શોધખોળ કરતાં આરોપી મળી આવેલ જે નામે ધર્મપ્રકાશકુમાર રામજી સિંગ, રહે – સુભાષભાઈની ચાલ, ડાભેલ, નાની દમણ. મૂળ વતન – જીલ્લો નાલંદા, બિહાર વાળાને કોસ્ટલ મોટી દમણ પો.સ્ટે લાવી આરોપીની પૂછતાછ કરતા પોતાનો ગુન્હો કબુલ કરેલ અને આ ગુન્હામાં તેના દ્વારા સોનાનાં દાગીના તેમજ રોકડા રૂપીયાની ચોરી કરવામાં આવેલ છે જેથી તેઓને કોસ્ટલ મોટી દમણ પો.સ્ટેમાં ગુન્હો રજીસ્ટર્ડ 13/2018 કલમ 454, 380 ઈ.પી.કો મુજબ ગુન્હામાં અટક કરીને લોક-આપમાં રાખવામા આવેલ છે અને આગળની તપાસ હેડ કોસટેબલ જયેન્દ્ર સિંહ ઝાલા વાળા કરી રહ્યા છે.

Issued By
Daman Police

Scanned by CamScanner